પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦,કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./ હોટલ લોજ બોર્ડીંગ જાહેરનામું/૩૪૭૯/૨૦૨૫ તા ૨૩/૦૬/૨૦૨૫

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે, માનવ જીદગીની ખુવારી થાય અને જાહેર જનતાની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરે છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાઓનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતીથી માહિતગાર થઈને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓનો અંજામ આપતા હોય છે, જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું નરસિમ્હા કોમાર, I.P.S,પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (સન ૨૦૨૩નો ક્રમાંક ૪૬)ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યકિતને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધિત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે, તે સિવાય કોઈ વ્યકિતને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહી.

૧ તેમની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો આધારની નકલ સહીતની લેવી.

૨ વિદેશી નાગરિકના પાસપોર્ટ, વિઝા અને ભારતના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસિડેન્સિયલ પરમિટની નકલ મેળવી રેકર્ડમાં રાખવી.

૩ વિદેશી નાગરિકને લગતા C-ફોર્મ નિયમ મુજબ C-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાન્ચમાં ૨૪-કલાકમાં રિપોર્ટ સહિત રજુ કરવાના રહેશે.

૪ અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ, બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

૫ વિદેશી વિજીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહિતના નકકર પુરાવા મેળવવા.

૬ વડોદરા શહેરમાં કંઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે? કેટલો સમય રોકાવાના છે? તેની સંપૂર્ણ વિગત મેળવવી.



Scanned with OKEN Scanner

૭ કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલિક પોલીસને જાણ કરવી

૮ હોટલ, લોજ, બોર્ડીગમાં C.C.T.V. કેમેરાની વ્યવસ્થા રાખવી, C.C.T.V. રેકોર્ડીગના બેકઅપ ત્રણ (૦૩)-માસ સુધી રાખવાના રહેશે.

૯ હોટલ, લોજ, બોર્ડીગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે, તદ્ઉપરાંત પર્યટન સ્થળોની જગ્યાએ આવેલ ધાર્મિક સ્થળોએ ધર્મશાળાઓ વિગેરેમાં આ પ્રકારની મુસાફરની સંચાલકોએ જરૂરી ચકાસણી કરી ઉતારો આપવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જો પબ્લિક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

## -: **અમલવારીનો પિરિયડ અને વિસ્તાર** :-

આ હુકમ તારીખ:૨૬/૦૬/૨૦૨૫ ના ક.૦૧/૦૦ થી તારીખ: ૨૪/૦૮/૨૦૨૫ ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં ફરજ બજાવતા અ.હે.કો તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઇપણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ માટે સ્થાનિક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ:-૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

Commissioner of Police • Vadodara City, Vadodara

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ

(૨) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૩) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ



Scanned with OKEN Scanner

(૪) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

**<u>નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/-** સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned with OKEN Scanner